## સંક્ષિપ્ત સમાચાર

### બનાવટી નોટો સાથે આરોપી પકડાયો

*થાણે:* થાણેના એન્ટી એક્સ્ટોર્શન સેલના અધિકારીઓએ કડિયાકામ કરનારા શખસને ૨.૩૧ લાખ રૂપિયાની કિંમતની બનાવટી નોટો સાથે પકડી પાડ્યો હતો. આ પ્રકરણે વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. મળેલી માહિતીને આધારે પોલીસે મંગળવારે સાંજે થાણેના જ્ઞાનસાધના કૉલેજ નજીકના વિસ્તારમાં છટકું ગોઠવી પ્રકાશ પ્રસાદ ઉર્ફે શંકર ટોકાલ (૪૨)ને પકડી પાડ્યો હતો. તેની પાસેથી બે હજારના દરની ૧૧૩ નોટ, ૫૦૦ના દરની ૧૦ નોટ અને ૧૦૦ના દરની બે નોટ હસ્તગત કરાઈ હતી. પ્રથમદર્શી ચકાસણીમાં આ નોટો બનાવટી હોવાનું પોલીસનું કહેવું છે. કડિયાકામ કરનારો ટોકાલ મૂળ ઝારખંડના હજારીબાગ જિલ્લાનો રહેવાસી છે. જ્ઞાનસાધના કૉલેજ નજીકની વિશ્વકર્મા ચાલમાં રહેતો ટોકાલ બનાવટી નોટો ક્યાંથી લાવ્યો તેની તપાસ પોલીસ કરી રહી છે.

### વિદ્યાર્થિનીના અપહરણનો પ્રયાસ અને વિનયભંગ: પાંચ પકડાયા

*પાલઘર:* શાળાએ જઈ રહેલી વિદ્યાર્થિનીના અપહરણનો પ્રયાસ કરી વિનયભંગ કરવાના આરોપસર પોલીસે બે કિશોર સહિત પાંચ જણને પકડી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારે વસઈ વિસ્તારમાં બની હતી. બાઈક પર આવેલા આરોપીઓએ શાળાએ જઈ રહેલી આઠમા ધોરણની વિદ્યાર્થિનીને માર્ગમાં જ રોકી હતી. એક આરોપીએ ૧૩ વર્ષની વિદ્યાર્થિનીને ચાકુની ધાક દાખવી હતી, જ્યારે બીજાએ તેના કથિત અપહરણનો પ્રયાસ કર્યો હતો. જોકે અપહરણકારોની ચુંગાલમાં છટકી જવામાં કિશોરી સફળ રહી હતી. દરમિયાન રાહદારીઓની નજર પડતાં તેમણે આરોપીઓને દમદાટી આપવાનો પ્રયાસ કર્યો હતો. પરિણામે આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ મામલે ફરિયાદને આધારે વસઈની માણિકપુર પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં ૧૭ વર્ષના બે કિશોરને પણ તાબામાં લેવાયા હોવાનું પોલીસ ઈન્સ્પેક્ટર અનિલ પાટીલે જણાવ્યું હતું. (પીટીઆઈ)

### પોલીસ સાથે ધક્કામુક્કી: સાત પકડાયા

*ભાયંદર:* વસઇમાં બે જૂથ વચ્ચે થયેલી મારામારીને પગલે ફરિયાદ નોંધાવવા માટે માણેકપુર પોલીસ સ્ટેશનમાં આવેલા ટોળાએ પોલીસ કર્મચારી સાથે ધક્કામુક્કી કરી હતી. પોલીસે આ પ્રકરણે ૨૦થી ૨૫ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરીને સાત જણની ધરપકડ કરી હતી. વસઇના કોલીવાડા વિસ્તારમાં મંગળવારે બે જૂથ વચ્ચે મારમારી થઇ હતી, જેને પગલે બંને જૂથના લોકો એકબીજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા માણેકપુર પોલીસ સ્ટેશનમાં આવ્યા હતા. દરમિયાન બંને જૂથના સભ્યો પોલીસ સામે જ ઝઘડવા લાગ્યા હતા. ત્યાર બાદ ટોળાએ પોલીસ કર્મચારી સાથે પણ ધક્કામુક્કી કરી હતી. આથી પોલીસ અધિકારીઓ મદદ માટે દોડી આવતાં આરોપીઓ ભાગી છૂટ્યા હતા. પોલીસે ત્યાર બાદ ગુનો દાખલ કરીને સાત જણની ધરપકડ કરી હતી. પોલીસે ૧૫થી વધુ બાઇક પણ જપ્ત કરી હતી.

### ગોંદિયામાં વરસાદે ૪૬૦ પોપટનો લીધો ભોગ

*ગોંદિયા:* ભંડારા જિલ્લામાં ભારે વરસાદ અને કરાં પડતાં ૪૬૦ પોપટને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. છેલ્લાં ઘણાં વર્ષથી તુમસર તાલુકામાં આવેલા શિવ મંદિર નજીક પીપળાના ઝાડ પર હજારો પોપટ વસવાટ કરે છે. કરાં પડવાને કારણે અનેક પોપટ જખમી થયા હતા. તે પૈકી ૪૬૦ પોપટનાં મૃત્યુ થયાં હતાં. આ તમામ પોપટના મૃતદેહને વન વિભાગ દ્વારા જમીનમાં દાટવામાં આવ્યા હતા. મોટા પ્રમાણમાં પોપટનાં મૃત્યુ થતા પક્ષીપ્રેમીઓએ ભારે નિરાશા વ્યકત કરી હતી.

### નજીવી વાતે થયેલા ઝઘડામાં વહુ સહિત પૌત્ર-પૌત્રી પર હુમલો

*કોલ્હાપુર:* નજીવી વાત પરથી થયેલા ઝઘડામાં સસરાએ વહુ સહિત પૌત્ર, પૌત્રી પર ચાકુ વડે હુમલો કર્યો હોવાનો બનાવ કોલ્હાપુરના મલ્હારપેઠ ગામમાં બન્યો હતો. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ઘરમાં પાણી ગરમ મૂકવાના અંગે આરોપી પાંડુરંગ સાતપુતે અને તેની વહુ વચ્ચે થયેલા ઝઘડામાં પાંડુરંગ વહુ સહિત પૌત્ર-પૌત્રી પર ચાકુ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં આરોપી સાથે ચાર જણ જખમી થયા હતા તેમાં શુભાંગી રમેશ સાતપુતે, મયુરેશ રમેશ સાતપુતે, મનીશા રમેશ સાતપુતેની સાથે આરોપી પાંડુરંગ દશરથ પણ ગંભીર જખમી થયો હતો. હાલમાં આ તમામની સરકારી હૉસ્પિટલમાં સારવાર થઇ રહી છે અને પોલીસ ઘટનાની વધુ તપાસ કરી રહી છે.

### બીડમાં લૂંટના ઈરાદાથી વેપારીની હત્યા

*બીડ:* બીડમાં કેજ-અંબાજોગાઇ રસ્તા પર લૂટના ઇરાદાથી ચોરોએ સરાફા વેપારીની હત્યા કરી હોવાનો બનાવ બન્યો હતો. મંગળવારની રાત્રે વિકાસ થોરાત દુકાન બંધ કરીને સોનું લઇને બાઇક પર ઘરે જવા નીકળ્યો હતો. તે દરમિયાન નજર રાખીને બેઠેલા કારમાં સવાર ચોરોએ તેનો પીછો શરૂ કર્યો હતો. આગળ જઇને તેમણે કારથી વિકાસને ટક્કર મારીને બાઇક પરથી પાડી દીધો અને તેની પાસે રહેલી સોનાના દાગીનાની બેગ લઇને નાસી છૂટયા હતા. આ અકસ્માતમાં વિકાસનું મૃત્યુ થયું હતું. આ મામલે પોલીસે એક ચોરની ધરપકડ કરી છે.

### પીએમપીએમએલના સસ્પેન્ડેડ કર્મચારીની આત્મહત્યા

*પિંપરી-ચિંચવડ:* પીએમપીએમએલ (પુણે મહાનગર પરિવહન મહામંડળ લિમિટેડ)ના સસ્પેન્ડેડ કર્મચારીએ આત્મહત્યા કરી હોવાનો બનાવ બન્યો હતો. તુકારામ મુંડકર નામના કર્મચારીએ મંગળવારે ઘરે ગળે ફાંસો ખાઇને આત્મહત્યા કરી હતી. જોકે, સ્યૂસાઇડ નોટ મળી ન હોવાથી આત્મહત્યાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. ઘટનાની જાણ થતા જ સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તુકારામને બે મહિના પહેલા જ પીએમપીએમએલમાંથી નિલંબિત કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### સગીરા પર બળાત્કાર: ત્રિપુટી પકડાઇ

*થાણે:* ભિવંડીમાં બે સગીર બહેન પર બળાત્કાર ગુજારવાના આરોપસર પોલીસે ત્રિપુટીની ધરપકડ કરી હતી. પકડાયેલી ત્રિપુટીને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને ૧૬મી ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસ હવે અન્ય બે ફરાર આરોપીની શોધ ચલાવી રહી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. બંને બહેને આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ભિવંડી ટાઉન પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને ૯મી ફેબ્રુઆરીએ ત્રણ જણની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

# સ્ટેશન પરની બૅન્ચ પર બેસવાને મુદ્દે થયેલા વિવાદમાં વૃદ્ધની હત્યા: મિત્રની ધરપકડ

*મુંબઈ:* સ્ટેશન પરની બૅન્ચ પર બેસવા માટેની અપૂરતી જગ્યાને લઈ થયેલા વિવાદમાં સિનિયર સિટીઝન એવા મિત્રની હત્યા કરવાના આરોપસર કલ્યાણ ગ્રામીણ પોલીસે ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર સેન્ટ્રલ રેલવેની મેઈન લાઈનમાં આવતા ખડવલી સ્ટેશન ખાતે સોમવારે બનેલી ઘટનામાં કનુ જાધવ (૭૨)નું મૃત્યુ થયું હતું. આ કેસમાં પોલીસે ધનંજય કુમાર સિંહા (૫૪)ની ધરપકડ કરી હતી. મળતી માહિતી અનુસાર છેલ્લા કેટલાક મહિનાઓથી જાધવ અને સિંહા ખડવલી રેલવે સ્ટેશન પરિસરમાં રહેતા હતા અને ત્યાં જ નાનું-મોટું કામ કરતા હતા. સોમવારે બપોરે બન્ને જણ સ્ટેશન પરની બૅન્ચ પર બેઠા હતા ત્યારે તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા લાગી હતી. બૅન્ચ પર બેસવા માટે ઓછી જગ્યા મળવાને મુદ્દે તેમની વચ્ચે ઝઘડો થયો હોવાનું કહેવાય છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ બન્ને સારા મિત્રો હતા અને હંમેશાં સાથે રહેતા હતા.

જોકે સોમવારે સિંહાએ જાધવને બૅન્ચ પર બેસવા માટે વધારાની જગ્યા આપવાનો ઇનકાર કર્યો હતો. આ વાતને લઈ તેમની વચ્ચે મારામારી થઈ હતી. ગુસ્સામાં આવી સિંહાએ બામ્બુ વડે જાધવ પર હુમલો કર્યો હતો. માથામાં ઇજા સાથે લોહીલુહાણ હાલતમાં જાધવ જમીન પર ફસડાઈ પડ્યો હતો. ઘટનાને જોનારા જાધવના પરિવારજનો મદદ માટે દોડી આવ્યા હતા. બેભાન અવસ્થામાં નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલા જાધવને મૃત જાહેર કરાયો હતો.■

# મૃતદેહ પર હવે કફન સુધરાઈ જ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ :* મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પોતાની હૉસ્પિટલમાં કરોડો રૂપિયાનો ખર્ચો કરવામાં આવે છે, છતાં મૃતદેહ માટે લાગનારું સફેદ કપ્ડું (કફન) મૃતક વ્યકિતના સંબંધીઓ પાસેથી મગાવવામાં આવતું હોય છે, પણ હવેથી હૉસ્પિટલ તરફથી આ કપડું ઉપલબ્ધ કરી આપવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને તમામ હૉસ્પિટલને મૃતદેહને સફેદ કપડામાં વીંટાળીને જ તેમના સંબંધીઓને આપવાની સૂચના આપી છે. મૃત વ્યકિતના અંતિમસંસ્કાર માટે લાગતાં લાકડાં પણ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મફતમાં પૂરાં પાડવામાં આવે છે પણ પાલિકાની હૉસ્પિટલમાં કોઈ વ્યકિતનું મૃત્યુ થયું તો તેના સંબંધીને મૃતદેહ માટે સફેદ કપડાં લાવવાનું કહેવામાં આવે છે. આ બાબતે રાષ્ટ્રવાદી કૉંગ્રેસનાં નગરસેવિકા તરફથી એપ્રિલ ૨૦૧૪માં ઠરાવની સૂચના આવી હતી, જેમાં સફેદ કપડું હૉસ્પિટલ તરફથી ઉપલબ્ધ કરી આપવાની માગણી કરવામાં આવી હતી.

છેવટે મુંબઈ મહાનગરપાલિકાએ આ સૂચનાને માન્ય રાખી છે. ■




# કલ્યાણ સ્ટેશનનું કલરફુલ મૅકઓવર

*મુંબઈ:* મધ્ય રેલવેના કલ્યાણ સ્ટેશન પર પ્રવાસ કરનારા પ્રવાસીઓને સ્ટેશન પરિસર થોડાક અંશે કલરફૂલ અને પ્રફુલ્લિત કરનારું લાગી રહ્યું હોવાનો મત પ્રવાસીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક શાળાના બાળકો દ્વારા સ્ટેશન પર આવેલી ટિકિટ બારીના પિલરને પેઈન્ટકરવામાં આવ્યું છે. અઠવાડિયા પહેલાં કલ્યાણ વેસ્ટમાં આવેલી ટિકિટ બારીના પિલર અને દિવાલને સ્થાનિક કૉલેજ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પેઈન્ટ કરવામાં આવી હતી. મધ્ય રેલવેની સેકન્ડરી સ્કૂલ અને જુનિયર કૉલેજના ૧૨થી ૧૦ વિદ્યાર્થીઓના એક ગ્રુપનો આ દીવાલ અને પિલર પેઈન્ટ કરવા માટે સંપર્ક સાધવામાં આવ્યો હતો.

પ્રવાસીઓ દ્વારા દીવાલ અને પિલર પર પાન-મસાલા ખાઈને થૂંકવામાં આવે છે, જેને કારણે સ્ટેશન પરિસરમાં ગંદગી ફેલાય છે, એવું કલ્યાણ રેલવે સ્ટેશનના સ્ટેશન મેનેજર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ તેમના આર્ટ ટીચરના માર્ગદર્શન હેઠળ શાળા પૂરી થયાના કલાકો સુધી પેઈન્ટિંગ કરીને અઠવાડિયામાં જ આ કામ પૂરું કરવામાં આવ્યું હતું. ■

# ડાન્સ બારમાંથી ૧૬ બારબાળાને છોડાવાઈ

*મુંબઈ:* અંધેરીના ડાન્સ બાર પર ત્રાટકીને ઓશિવરા પોલીસે ૧૬ બારબાળાને છોડાવી હતી, જ્યારે બારના સ્ટાફ અને ગ્રાહકો મળી ૩૦ જણની ધરપકડ કરી હતી. ઓશિવરા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુભાષ ખાનવિલકરે જણાવ્યું હતું કે મળેલી માહિતીની ખાતરી કર્યા બાદ મંગળવારે રાતે એસ. વી. રોડ પર આવેલા નિત્યાનંદ (ચૅમ્પિયન) બાર પર કાર્યવાહી કરી હતી. પુરાવા તરીકે બારમાં ડાન્સ કરતી એક યુવતીનું વીડિયો રેકોર્ડિંગ કરી સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બારમાં બારબાળાઓને સંતાવા માટે છુપા રૂમની સગવડ કરાઈ હતી. પોલીસે એ રૂમમાંથી પણ બારબાળાઓને શોધી કાઢીને ૧૬ બારબાળાને છોડાવી મૅનેજર પ્રવીણ પૂજારી, કેશિયર, મ્યુઝિક સિસ્ટમ પર કામ કરનારા તેમ જ પાંચ વેઈટર મળી ૧૦ જણની ધરપકડ કરી હતી. એ સિવાય બારમાં હાજર ૨૦ ગ્રાહકોની પણ ધરપકડ કરાઈ હતી. કોર્ટે મૅનેજર પૂજારીને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી, જ્યારે બાકીનાઓને અદાલતી કસ્ટડી ફટકાર્યા બાદ તેમના જામીન મંજૂર કર્યા હતા.■



**પ્રેમની અનોખી ઉજવણી...** અભિનેતા શ્રેયસ તલપડે અને દીપ્તિ તલપડેએ ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં બાળ દર્દીઓ સાથે ધિંગામસ્તી કરીને વેલેન્ટાઇન્સ ડેની ઉજવણી કરી હતી. (જયપ્રકાશ કેળકર)

# કારચાલકની હત્યા: ત્રીજા આરોપીની ધરપકડ

*મુંબઈ:* ઓવરટેકને મુદ્દે થયેલા વિવાદને પગલે ઢોરમાર મારીને કારચાલકને મોતને ઘાટ ઉતારવા પ્રકરણે શિવાજીનગર પોલીસે ત્રીજા આરોપીની પણ ધરપકડ કરી હતી. પોલીસે આ કેસમાં મંગળવારે બે યુવકની ધરપકડ કરી હતી. ગોવંડીની શિવાજીનગર પોલીસે ધરપકડ કરેલા ત્રીજા આરોપીની ઓળખ વાજીદઅલી તરીકે થઇ હોઇ સ્થાનિક અદાલતે ત્રણેય આરોપીને પોલીસ કસ્ટડી ફટકારી હતી. ગોવંડી સ્થિત શિવાજીનગર ખાતે હોસ્પિટલની સામે સોમવારે સાંજે ઓવરટેકને મુદ્દે કારના ચાલક અને સ્કૂટી પર સવાર ત્રણ યુવક વચ્ચે વિવાદ થયો હતો. આ વિવાદને પગલે રોષે ભરાયેલા યુવકોએ કારચાલકને ઢોરમાર માર્યો હતો. પરિણામે ચાલકનું માથું જમીન પર અફડાયું હતું અને તેને ગંભીર ઇજા પહોંચી હતી. કારચાલકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાનું તેનું મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તેમાં સ્કૂટી નજરે પડી હતી. પોલીસે ત્યાર બાદ સ્કૂટીના માલિકને શોધી કાઢ્યો હતો અને તેની પૂછપરછ બાદ પોલીસે ઇમરાન ઉર્ફે ઇમો શેખ અને અબ્દુલ વહાબ ઉર્ફે ભોંદુ અબ્દુલ રહીમ ઇદ્રિસીની ધરપકડ કરી હતી. ■

# ખંડણીનો કેસ: તાજનો સાક્ષી બનવા તૈયાર થયેલા આરોપીએ કરી પીછેહઠ

*મુંબઈ:* ખંડણીના કેસમાં તાજનો સાક્ષી બનવા તૈયાર થયેલા ગેન્ગસ્ટર કુમાર પિલ્લૈની ટોળકીના સભ્ય પ્રફુલ કાપડિયાએ મંગળવારે પીછેહઠ કરી હતી. નવેમ્બર, ૨૦૧૭માં કુમાર કાપડિયા તાજનો સાક્ષી બનવા તૈયાર થયો હતો. મંગળવારે બપોરે કાપડિયાને ટ્રાયલ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગ મારફત હાજર કરાયો હતો અને તે તાજનો સાક્ષી બનવા તૈયાર છે એવું કોર્ટે પૂછતાં તેણે ઇનકાર કર્યો હતો. ત્યાર બાદ કાપડિયાના વકીલ પ્રકાશ સાલસિંઘેકરે જામીન અરજી કરી હતી. સાલસિંઘેકરે દલીલ કરી હતી કે આ ઘટનામાં કાપડિયાની કોઇ ભૂમિકા નથી અને તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તપાસકર્તા પક્ષે દાવો કર્યો હતો કે કાપડિયા ગેન્ગસ્ટર પિલ્લૈના સંપર્કમાં હતો અને તેના આદેશ પરથી તેણે પિલ્લૈની પત્નીના બેન્ક એકાઉન્ટમાં રૂ. ૧.૨૫ લાખ ડિપોઝિટ કર્યા હતા. કોર્ટે બાદમાં તપાસકર્તા પક્ષને કાપડિયાની જામીન અરજી અંગે જવાબ નોંધાવવા કહ્યું હતું. બિલ્ડરની ફરિયાદને પગલે વિક્રોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણીના કેસમાં ૨૦૧૭ના રોજ કાપડિયાની ધરપકડ કરવામાં આવી હતી. ૧૧ જુલાઇ, ૨૦૧૩ના રોજ પિલ્લૈએ ફરિયાદી અને તેના ભાઇને ફોન કર્યો હતો અને વિક્રોલીમાં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ચાલુ રાખવા માટે ૭૫ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. ■

# એલ્ફિન્સ્ટન હોનારત: સ્પેશિયલ બૅન્ચનું ગઠન કરવાની માગણી

*મુંબઈ:* એલ્ફિન્સ્ટન રોડ બ્રિજની દુર્ઘટનાના પીડિતોને ઝડપથી વળતર મળે એ માટે પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ બૅન્ચનું ગઠન કરવાની માગણી કરવામાં આવી છે. પ.રે. દ્વારા રેલવે બોર્ડ સમક્ષ આ વળતરના કેસનો ઝડપથી નિકાલ લાવવા માટે સ્પેશિયલ બૅન્ચની સ્થાપના કરવાની માગણી રજૂ કરવામાં આવી છે. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના થયેલી દુર્ઘટનામાં મૃત્યુ પામનારના પરિવારને રૂ. પાંચ લાખનું વળતર, ગંભીર રીતે ઈજા પામનારાઓને રૂ. એક લાખનું અને સામાન્ય ઈજાગ્રસ્ત થનારને રૂ. ૫૦,૦૦૦ના વળતરની જાહેરાત કરવામાં આવી હતી. ■

# જિમ્નેશિયમમાં અભિનેત્રીનો વિનયભંગ

*મુંબઈ:* અંધેરીના જિમ્નેશિયમમાં ૩૭ વર્ષની અભિનેત્રીનો વિનયભંગ કરવામાં આવ્યો હોવાની ઘટના મંગળવારે બની હતી. વિશ્વનાથ શેટ્ટી તરીકે ઓળખાતા શખસે જાતીય તરફેણની માગણી કરીને ગાળાગાળી પણ કરી હતી.

આ પ્રકરણે અભિનેત્રીએ પોલીસમાં ફરિયાદ કરી હતી. અંબોલી પોલીસે તેનું નિવેદન નોંધી શેટ્ટી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ઘટના અંધેરી પશ્ચિમમાં આવેલા જિમમાં બની હતી. આ જિમમાં અભિનેત્રી નિયમિત રીતે વર્કઆઉટ્સ માટે જતી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપી તેની નજીક આવીને વાતચીત કરવા લાગ્યો હતો. બાદમાં તેણે અભિનેત્રીને અણછાજતો સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો. એ સિવાય જાતીય તરફેણની માગણી કરી હતી. આ વાતને અવગણી અભિનેત્રીએ ત્યાંથી ચાલવા માંડ્યું ત્યારે તેના માટે અપશબ્દો ઉચ્ચારાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ■

# અકસ્માતમાં પતિના મૃત્યુ બદલ પત્નીને વળતર આપવાનો આદેશ

*થાણે:* અત્રેની ગ્રાહક અદાલતે ઇન્શ્યોરન્સ કંપનીને ૨૦૦૯માં રોડ અકસ્માતમાં મૃત્યુ પામનારની પત્નીને ૭.૮૭ લાખ રૂપિયા વળતર ચુકવવા આદેશ આપ્યો છે. ઇન્શ્યોરન્સ કંપનીએ ખોટા કારણ જણાવી વળતરનો દાવો રદ કર્યો હતો, જેને કારણે દાવો માંડનાર વ્યક્તિને ભારે માનસિક ત્રાસ થયો હતો. બનાવની વિગત મુજબ રુદ્રનિવાસ મર્દે પાલઘર જિલ્લાના બોઇસર ખાતે કંપનીમાં કામ કરતો હતો. ૨૪ ડિસેમ્બર, ૨૦૦૯ના દિવસે તે પોતાની મોટરસાઇકલ પર જતા તારાપુર-બોઇસર રોડ પર સામેની દિશામાંથી આવી રહેલા ટુ વ્હીલર સાથે તેની અથડામણ થઇ હતી, જેમાં મર્દેને ગંભીર ઇજા થઇ હતી અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન બીજા દિવસે તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)■


રાષ્ટ્ર સંત, યુગ દિવાકર, પ. પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ના આશીર્વાદથી

૧૭મો વાર્ષિક TRANSMEDIA ગુજરાતી સ્ક્રીન એન્ડ સ્ટેજ ઍવોર્ડ્ઝ-૨૦૧૭

૧૭ ફેબ્રુઆરી ૨૦૧૮ (શનિવાર) નાં રોજ સાંજે ૬:૩૦ કલાકે
સ્થળ: વર્સોવા મ્હાડા ગ્રાઉન્ડ, વર્સોવા વેલફેર સ્કુલ પાસે, વર્સોવા મેટ્રો સ્ટેશનથી આગળ, ૭ બંગલો અંધેરી (વેસ્ટ), મુંબઈ

મુખ્ય પ્રાયોજક: Gujarat Tourism




માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આર્શિવાદથી શરૂ થયેલ ગુજરાતી ફિલ્મ, ટીવી અને સ્ટેજના કલાકાર-કસબીઓને સન્માનવાની એકમાત્ર ભવ્ય પરંપરા.



સૂત્રધાર : શ્રી જસ્મીન શાહ / શ્રી મનોહર કાનુન્ગો
શુભેચ્છક : શ્રી પ્રવિણ કોટક (ઈસ્કોન ગ્રુપ)
શ્રી મનીષ શાહ (માટુંગા)(જી.ઈ.ઓ.ના સ્થાપક પ્રમુખ)



મુખ્ય અતિથી - માનનીય
શ્રી પ્રકાશ મહેતા
મહારાષ્ટ્રના લાડીલા ગુજરાતી કેબિનેટ મંત્રી

વિશેષ એવોર્ડ્ઝ
- જૈન રત્ન એવોર્ડ - શ્રી સંજય ઘોડાવત (એસ.જી. ગ્રુપ)
- ધીરૂભાઈ અંબાણી મેમોરીઅલ એવોર્ડ - શ્રી જયરાજ ઠક્કર (નરસી મોનજી એજ્યુકેશન ટ્રસ્ટ, ગોલ્ડન કેમિકલ)
- મહેશ નરેશ એવોર્ડ - શ્રી મનોજ રાચ્છ - શ્રી વિમલ રાચ્છ (સંગીતકાર બેલડી)
- હેમુ ગઢવી એવોર્ડ - શ્રી રઘુવીર કુંચાલા (પ્રસિદ્ધ લોકગાયક)
- મહારથી એવોર્ડ - શ્રી મનોજ દેસાઈ (હિન્દી ફિલ્મ નિર્માતા, ગેટી ગેલેક્સી સિનેમા)
- લાઈફ ટાઈમ એચીવમેન્ટ-મેલ - શ્રી અરવિંદ વેકરીયા
- લાઈફ ટાઈમ એચીવમેન્ટ-ફીમેલ - શ્રીમતી ચિત્રા વ્યાસ

રોકડ પુરસ્કાર રૂા. ૫૧,૦૦૦/-
- રશ્મિકાંત કામદાર તથા શ્રીમતી ભાવના કામદાર (USA) તરફથી લાઈફ ટાઈમ એચીવમેન્ટ સન્માનીત બન્નેને.
- શ્રીમતી રૂપા આનંદ પંડિત તરફથી શ્રેષ્ઠ મુંબઇ નાટકના વિજેતાને.



જસ્મીન શાહ

Televison Partner | Radio Partner | Media Co-ordination | Outdoor Partner | Hospitality Partner | Well Wisher | F & B Partner | Event Advisor | Event Execution Team

ઈવેન્ટ એડવાઈઝર - રાજુ સાવલા ● ઈવેન્ટ એક્ઝિક્યુશન - જીગ્નેશ ભુતા
ઈવેન્ટ ડાયરેક્ટર્સ : દીપક અંતાણી, અભિલાષ ઘોડા, રાજકુમાર જાની
પ્રચાર: ધર્મેશ વકીલ, ખુશીક્રિયેશન્સ

25/26, Rupayatan, S.V. Road, Irla, Vile Parle (W), Mumbai - 400056 • Tel.: 91-22 26708313 / 14 / 15
Email : transmediaindia@yahoo.com • Website: www.transmediaindia.com • f : www.facebook.com/Transmedia